# પ્રકરણ-૫

## : મુખ્ય સર્જકો :

* નરસિંહ મહેતા * ભાલણ * મીરાંબાઈ
* અખો * પ્રેમાનંદ * શામળ * દયારામ

## નરસિંહ મહેતા :

(ઈ. સ. ૧૪૧૪-૧૫ થી ઈ. સ. ૧૪૮૦)

**પ્રાસ્તાવિક-ભૂમિકા :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના આદિકવિ તરીકે નરસિંહ મહેતાની ગણના થાય છે. તેમની પૂર્વે સાહિત્ય તો છેક બારમી સદીથી લખાતું હતું. નરસિંહ મહેતા પૂર્વેની કેટલીક અપ્રગટ કૃતિઓ પ્રકાશમાં આવતાં અને એ પછી આજ-પર્યંત થયેલાં સંશોધનોને ધ્યાનમાં લઈએ તો નરસિંહ મહેતાને સમયની દૃષ્ટિએ આદિ કવિ કહી શકાય નહિ; પરંતુ નરસિંહ મહેતાની કેટલીયે પંક્તિઓ આજે પણ પ્રેરણારૂપ બની રહે છે; એમની કૃતિઓમાં પ્રગટ થતો લય, ચિત્રાત્મકતા, એમનું ભાષાપ્રભુત્વ, એમની રસિકતા-ઈ. ને કારણે તેઓ પુરાગામીઓ અને અનુગામીઓ કરતાં સવિશેષ બળૂકા સર્જક છે; એમના સાહિત્યે ગુજરાતી ભાષાને ગૌરવ અને ગરિમા બક્ષ્યાં છે-એ સૌ બાબતોને ધ્યાનમાં લઈએ તો તે આપણા આદિ કવિ છે. કે. કા. શાસ્ત્રી કહે છે તેમ, "હજારોની સંખ્યામાં ઊર્મિના ઉછાળા લેતાં...પદોની રચના કરીને ગુજરાતી સાહિત્યને પણ સ્વતંત્ર ભાષાની ક્ષમતા આપવામાં (નરસિંહ મહેતા) આદિ હતો." ગુજરાતી ભાષાને એનો પ્રથમ મુખ્ય અવાજ નરસિંહની કવિતામાં સાંપડે છે એવા મતલબની ઉમાશંકર જોશીની વાત સર્વથા સાચી છે. ગુણવત્તાની દૃષ્ટિએ નરસિંહ મહેતા ગુજરાતના 'આદિ કવિ' છે.

**સમય :**

નરસિંહ મહેતા સમય અંગે ચોક્કસ અને સ્પષ્ટ માહિતીનો અભાવ છે. વિદ્વાનોમાં નરસિંહ મહેતાના જીવનકાળ અંગે મતભેદ છે. કે. કા. શાસ્ત્રી આ. બા. ધ્રુવ આદિ વિદ્વાનો એમને પંદરમા શતકના કવિ ગણે છે. પરંતુ એ પૈકીના આનંદશંકર ધ્રુવે, નરસિંહનાં કેટલાંક પદોમાં કબીરનાં પદોનું અનુરણન સંભળાય છે અને નરસિંહની 'સુરતસંગ્રામ' જેવી કેટલીક કૃતિઓમાં રાધાની સખીઓનાં-

લલિતા, વિશાખા વગેરે નામો એમને ચૈતન્ય સંપ્રદાયમાંથી મળ્યાં છે એવાં અનુમાનોને આધારે નરસિંહનો સમય ફેરવવો જોઈએ એવી શંકા વ્યક્ત કરી. આનંદશંકર, ધ્રુવની આ શંકાને સાચી માની લઈને ક. મા. મુનશીએ કેટલીક દલીલો કરી અને આધારો આપી નરસિંહને સોળમા શતકના કવિ ગણ્યા. એ પછી મુનશીની દલીલોનો કે. કા. શાસ્ત્રી આદિએ ઉત્તર આપ્યો ખરો, પરંતુ કે. કા. શાસ્ત્રી વગેરે પાસે પણ જૂનાગઢના રાજા રા'માંડલિકના રાજ્ય અમલ દરમિયાન બનેલા 'હારમાળા'ના પ્રસંગને કેન્દ્રમાં રાખી નરસિંહે રચેલી 'હારમાળા' કૃતિ સિવાય અન્ય કોઈ ઠોસ આધાર નથી. હારમાળાના પ્રસંગ પરથી નરસિંહને રા'માંડલિકનો સમકાલીન ગણી તેનો સમય ઈ. સ. ૧૪૧૪–'૧૫ થી ૧૪૮૦નો માનવામાં આવે છે, જે વધુ શ્રદ્ધેય ગણાય છે.

## જીવન :

કોઈ સર્જકના જીવન અંગે ચોક્કસ માહિતીનો અભાવ હોય ત્યારે એના જીવનની આસપાસ અને ક્યારેક એના સર્જન અંગે અનેક ચમત્કારો અને કિંવદંતીઓના તાણા–વાણા ગૂંથાઈ જતા હોય છે. નરસિંહના જીવન અને સર્જનની બાબતમાં કેટલીક આવી વિગતો જોવા મળે છે; આમ છતાં, નરસિંહનાં આત્મચરિત્રાત્મક પદો અને એના જીવનમાં બનેલા મહત્ત્વના પ્રસંગો–'હાર–હૂંડી'ને મામેરું; વિવાહ ને વળી શ્રાધ્ધ'–પર એણે લખેલાં કાવ્યોને આધારે એના જીવન વિશેની કેટલીક વિગતો પ્રાપ્ત થાય છે. તદ્નુસાર ભાવનગર નજીકના તળાજા ગામે એનો જન્મ થયો. પિતાનું નામ કૃષ્ણદાસ અને માતાનું નામ દયાકુંવર. જ્ઞાતિએ વડનગરો નાગર. એના કાકા પરબતદાસ માંગરોળમાં રહેતા હતા. બાળપણમાં માતાપિતાનું નિધન થતાં જૂનાગઢમાં ભાઈ સાથે આવીને રહેલો. સોળ વર્ષની વયે માણેકબાઈ સાથે લગ્ન થયેલું. શામળદાસ નામે પુત્ર અને કુંવરબાઈ નામે પુત્રી હતાં. ભણતર કે નોકરી–ધંધામાં ધ્યાન ન આપતાં અને ભજનકીર્તન તથા સાધુ-સંતોની સોબતમાં જ સમય વિતાવતા નરસિંહને એની ભાભીએ મહેણું માર્યું. ભાભીના મહેણાથી નારાજ થઈ, ઘર ત્યજી દઈ, શિવજીની આરાધના કરી, તેમને પ્રસન્ન કરી તેમની કૃપાથી દ્વારકામાં શ્રીકૃષ્ણની નિત્યરાસલીલાનાં દર્શન કર્યાં અને ત્યારથી એ કૃષ્ણ કિર્તનિયો બનેલો. 'સૂતી ઊઠી મારી આદ્યવાણી' એમ કહેતા નરસિંહમાં પ્રભુકૃપાની અંતઃપ્રતીતિ જોવા મળે છે. ઘેર પાછા આવી પૂર્વપરણિત પત્ની સાથે ગૃહસંસાર માંડેલો પણ નરસિંહને સંસારી થતાં આવડયું જ નહીં. ગૃહસ્થજીવનનો વ્યવહાર તેને મિથ્યા ભાસે છે. સાંસારિક જવાબદારીઓ પ્રત્યે અભાન નરસિંહના જીવનમાં બનેલા મહત્ત્વના પ્રસંગોએ પ્રભુએ એને અદીઠ સહાય કરેલી અને એ પ્રસંગો કૃષ્ણકૃપાએ હેમખેમ ઉકલી ગયેલા. હરિજન વાસમાં ભજન કરવા ગયેલા નરસિંહને જ્ઞાતિજનોએ જ્ઞાતિબહાર મૂકેલો ત્યારે તેનો પ્રત્યાઘાત આપતાં નરસિંહ કહે છે :

'એવા રે અમો એવા રે એવા, તમે કહો છો તે વળી તે વાટે;
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા રે.'

માંગરોળમાં કાકા પરબતદાસને ત્યાં એકવખત ભજન પ્રસંગે સાક્ષાત્ ઈશ્વરે મોહિની સ્વરૂપે આવીને નરસિંહને પાણી પાયેલું અને તેની તરસ છિપાવેલી, નરસિંહે આ અનુભવ વિશે પણ પૂરી શ્રદ્ધાથી લખ્યું છે. ' ઈશ્વર પ્રત્યેની એની અડગ-અચળ આત્મશ્રદ્ધા એના જીવનનું ચાલક-ધારક બળ હતું, મીરાંની જેમ નરસિંહ પણ એકલપંડે જ્ઞાતિ અને સમાજ સાથે લડી લે છે. જીવનના અંત સુધી એને સંઘર્ષોનો સામનો કરવો પડયો હતો પણ એણે કદીય હારી-થાકી ખાધું નથી. ઊલટું સંઘર્ષો-યાતનાઓની ભઠ્ઠીમાં તવાઈને એના વ્યક્તિત્વનું કુંદન વધુ ઊજ્જવળ બની નીખરી આવ્યું છે એ હકીકત છે. '

**સર્જન :**

ચર્ચાની સરળતા ખાતર નરસિંહના સમગ્ર સાહિત્ય સર્જનને ત્રણેક વિભાગોમાં મૂકી શકાય.

**(૧) આત્મકથાત્મક રચનાઓ :** હાર, હૂંડી, મામેરું, શામળશાનો વિવાહ, પિતાના શ્રાદ્ધનાં પદ, ઝારી સમેનાં પદ અને હરિજનવાસમાં ભજનનાં પદ.

**(૨) આખ્યાનકલ્પ રચનાઓ :** સુદામાચરિત્ર, દાણલીલા, ચાતુરી છત્રીસી, ચાતુરીષોડશી.

**(૩) કૃષ્ણપ્રીતિ અને જ્ઞાનભક્તિનાં પદો :** વાત્સલ્ય પ્રીતિનાં પદ, શૃંગાર ભક્તિનાં પદ અને નરસિંહને થયેલી આત્માનુભૂતિનાં પદ.

આ ઉપરાંત નરસિંહના નામે ચઢેલી કેટલીક રચનાઓ મળી આવે છે. એ પૈકીની 'સુરતસંગ્રામ' અને 'ગોવિંદગમન' તો સ્પષ્ટપણે નરસિંહની રચનાઓ નથી જ એવું વિદ્વાનોનું માનવું છે. 'રાસસહસ્ર પદી'નાં કેટલાંક પદો, શૃંગારપ્રીતિનાં કેટલાંક પદો અને 'હારમાળા'નાં કેટલાંક પદોની બાબતમાં પણ આમ જ બન્યું હોવાનું જણાય છે.

ઈશ્વરકૃપાએ 'સૂતી ઊઠેલી' નરસિંહની આદ્યવાણીએ કહેવાય છે કે લાખોની સંખ્યામાં પદો રચ્યાં છે. એ વાતમાં રહેલી અતિશયોક્તિને ગાળી કાઢીએ તો પણ નરસિંહે દોઢેક હજાર જેટલાં પદો તો અવશ્ય રચ્યાં હશે. નરસિંહની કવિતા લઘુ ઊર્મિરચના જેવાં પદોમાં બહુધા લખાઈ છે.

**(૧) આત્મકથાત્મક રચનાઓ :**

**હારમાળા :**

હારમાળાની ૫૦, ૮૦, ૧૬૦ અને ૨૧૭ પદોની રચના મળી આવે છે. એમાં નરસિંહે રચેલાં કેટલાં અને કયાં તે કહેવું મુશ્કેલ છે, પરંતુ નરસિંહે એના

Scanned with OKEN Scanner

જીવનમાં બનેલા આ પ્રસંગ વિશે પદો લખ્યાં છે એ નિઃશંક બાબત છે.

'નરસિંહ સ્ત્રીઓ સાથે જાહેરમાં ભળે છે, એ ભ્રષ્ટ છે'–એવી રા'માંડલિકને મળેલી ફરિયાદો પરથી રા'માંડલિક નરસિંહને કેદ કરી પરચો માગે છે. કૃષ્ણ જાતે આવીને નરસિંહના ગળામાં હારમાળા પહેરાવી જાય છે અને ભક્તની કસોટી પૂરી થતાં રા'માંડલિક પ્રસ્તાય છે અને નરસિંહની ક્ષમા માગે છે, રચનાના આરંભમાં સંન્યાસીઓ સાથેના નરસિંહના શાસ્ત્રાર્થમાં ગાળાગાળી જેવું વિશેષ છે, એ પદો નરસિંહના મુખમાં મૂકાયેલાં જે તેના સ્વભાવને અનુકૂળ નથી. જે પદો નરસિંહનાં છે એવું તારવેલું છે તેમાં પણ નરસિંહની પ્રતિભાના ચમકારનો અભાવ છે. આખુંયે કાવ્ય કૃત્રિમ લાગે છે.

## હૂંડી :

આઠ પદની આ રચના છે. જૂનાગઢ આવેલા પરદેશી તીરથવાસીઓને, રૂપિયા સાતસો લઈ, નરસિંહ દ્વારકાના શેઠ શામળશા પર હૂંડી લખી આપે છે, દ્વારકામાં ગોમતીસ્નાન કરી નાણાવટમાં શામળશા શેઠની તપાસ કરતાં તીરથવાસીઓ છેતરાયા હોવાની લાગણી અનુભવે છે ત્યાં શામળશા શેઠ બની કૃષ્ણ મળે છે અને હૂંડીનાં નાણાં ચૂકવી આપે છે, વધારાના સો રૂપિયા અને નરસિંહ જોગ પહોંચ લખી આપે છે :

'કામ પડે ત્યારે શીઘ્ર લિખજો વળી
કહેવરાવ્યા પર કરશું કામ
તમે જ છો શેઠ અને હું જ વાણોતર
તમારું અને મારું એક નામ.'

અંતરધ્યાન થયેલા પ્રભુને ન ઓળખી શકેલા તીરથવાસીઓએ, એ પછી, જૂનાગઢ આવીને નરસિંહને વાત કરી ત્યારે–'નરસૈંયો ફૂલિયો, અતિરસ ઝૂલિયો.' નરસિંહનું બહુ લોકપ્રિય થયેલું પદ–'મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...' અહીં આવેલું છે. કથાનક કડીબદ્ધ વ્યવસ્થિત રીતે કહેવાયું છે, તીરથવાસીઓની હતાશા, શોક, સંકોચ પશ્ચાત્તાપ–ઈ. બધું બરાબર નિરૂપાયું છે અને એ સૌ ભાવક સુધી પહોંચે છે.

## મામેરું :

સાત પદની રચના છે. નરસિંહની પુત્રીના મામેરાનો પ્રસંગ એમાં કેન્દ્રસ્થાને છે, કૃષ્ણ લક્ષ્મી સાથે બધી સામગ્રી લઈને આવે છે અને મામેરાનો પ્રસંગ ઉકેલી આપે છે. તૂટક તૂટક પ્રસંગવાળી આ સામાન્ય રચના છે, નરસિંહના સ્વપ્નનો પ્રસંગ અહીં ચમત્કારથી નમસ્કાર કરવાના હેતુથી આમે જ થયેલો જોવા મળે છે. કૃતિને અંતે પણ, જો કૃષ્ણ લક્ષ્મી સાથે બધી સામગ્રી લઈને આવ્યા હોય તો મંડપમાં ખાલી છાબ કેમ મૂકી ? જરકસી કાપડું કોના માટે લાવ્યા

હતા ? 'ડોસીને શાંત કરી'–તો એ કેમ રીસાઈ હતી ?–વગેરે પ્રશ્નો અનુત્તર રહે છે. પ્રેમાનંદની રચનામાં આ સૌના ઉત્તર મળી રહે છે.

**શામળશાનો વિવાહ :**

નરસિંહના જીવનને લગતી સૌથી વધારે માહિતી આ કૃતિમાંથી સાંપડે છે. ભાભીના મહેણાથી નરસિંહે કરેલો ગૃહત્યાગ, શિવજીની આરાધના, એમનું પ્રસન્ન થવું, નરસિંહની ઇચ્છા જાણી તેને કૃષ્ણની રાસલીલાનાં દર્શન કરાવવાં, નરસિંહનું ઘેર પરત આવવું, ગૃહસંસાર માંડવો, પુત્ર ઉંમરલાયક થતાં ચિંતિત પત્નીની પુત્રના વિવાહ માટે નરસિંહ સમક્ષ રજૂઆત કરવી–વગેરે પ્રસંગો કૃતિમાં પૂર્વ-ભૂમિકારૂપે આલેખાયા છે.

બીજી તરફ વડનગરના મદન મહેતાની પુત્રી માટે યોગ્ય મુરતિયાની શોધમાં જૂનાગઢ આવેલા પુરોહિતને કોઈ મશ્કરીમાં નરસિંહનું ઘર ચીંધે છે. નરસિંહની ભક્તિ જોઈને પુરોહિત એના પુત્ર માટે માગું નાખે છે, જે નરસિંહ ઈશ્વર-વિશ્વાસે સ્વીકારે છે. એ પછી નરસિંહ દ્વારકા જઈ કૃષ્ણને વાત કરે છે. કૃષ્ણ લક્ષ્મીસહિત આવવાનું વચન આપે છે. કૃષ્ણે આપેલા સેવકો વડે નરસિંહ પુત્રના લગ્નની તૈયારી કરે છે. વિવાહ પ્રસંગે કૃષ્ણ આવે છે અને કૃષ્ણ કૃપાએ નરસિંહના પુત્રના વિવાહ સંપન્ન થાય છે. વિવાહ સંપન્ન થતાં–'અંતરીક્ષ મારગે અંતરયામી વળ્યા.' આખી યે કૃતિ આખ્યાનનો સ્વાદ આપે તેવી છે. અલબત્ત તેનું સ્વરૂપ કડવાનું નહિ પણ પદોનું છે.

**ઝારી સમેનાં પદ :**

માંગરોળમાં કાકા પરબતદાસને ત્યાં ભજન પ્રસંગે નરસિંહને તરસ લાગે છે ત્યારે સ્ત્રી વેશે કૃષ્ણ ઝારી લઈને આવે છે અને નરસિંહની તૃષા છીપાવે છે. આ પ્રસંગને લગતાં ચાર પદ મળી આવે છે. ત્રીજા પદમાં આ પ્રસંગનું વર્ણન છે. સ્ત્રીવેશે આવેલા હરિનું આ વર્ણન જુઓ—

"ઝાંઝર ઝમકે ને વિછુવા ઠમકે
હીંડે ને વાંકે અંબોડે,
ઘૂંઘટમાં મુખ એણીયેરે શોભે
જાણે ગગનમાં વીજળી ચમકે રે."

**હરિજનવાસમાં ભજન :**

કેટલાક હરિજનોએ નરસિંહને વિનંતી કરી–'અમારે આંગણે કરો રે કીર્તન.' નરસિંહ હરિજન વાસમાં જાય છે અને પરોઢ લગી ભજન કરે છે.

સવારે નાગરો નરસિંહની હાંસી ઉડાડે છે. 'અધવધરાને શો ઉત્તર દઉં ?' એમ કહી નરસિંહ ચૂપ રહે છે, પણ પછી બેધડક ઉત્તર આપે છે :

Scanned with OKEN Scanner

એવા રે અમો એવા રે એવા
તમે કહો છો તે વળી તેવા રે,
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો
કરશું દામોદરની સેવા રે.

અને છેવટે સંભળાવે છે :

"હરિજનથી જે અંતર ગણશે,
તેના ફોગટ ફેરા ઠાલા રે."

નરસિંહની આત્મકથાત્મક રચનાઓમાં એના જીવનનો અને એની સર્જનશક્તિનો ઠીક ઠીક પરિચય મળી રહે છે. એનો જન્મ, એનું બાળપણ, એનો ઉછેર, સાધુ-સંતો પ્રત્યેનો એનો લગાવ, ભાઈ-ભાભીનું એના તરફનું વલણ, જ્ઞાતિજનોનો ઉપહાસ, હરિજનવાસમાં ભજન કરવાની એની ઉલટ અને હિંમત, ગૃહસ્થજીવન સાથે મેળ પાડવાની એની અણઆવડત, એની અચલ ઈશ્વરનિષ્ઠા વગેરેનું નિરૂપણ થયું છે, પરંતુ એ બધા પ્રસંગોના નિરૂપણમાં ક્યાંય એનું અહમ્ ડોકાતું નથી. બધે જ ઈશ્વરની કૃપાનો મહિમા પ્રગટ થયો છે અને એ નિરૂપણમાં જ એનું ધ્યાન રહેલું છે. આ બધી રચનાઓમાં એણે ઝૂલણા છંદનો પ્રયોગ કર્યો છે. ઝૂલણાનો પ્રથમ પ્રયોગ કરનાર નરસિંહ છે અને છતાં એક બાબત એ નોંધપાત્ર છે કે ઝૂલણાનો વૈભવ અને ઠાઠ જેવો અને જેટલો નરસિંહમાં તેવો કોઈ કવિ પાસે નથી.

## (૨) આખ્યાનકલ્પ રચનાઓ :

### સુદામાચરિત :

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાનનું બીજારોપણ કરનાર નરસિંહ છે. નરસિંહ એની આ પ્રકારની રચનાઓ માટે 'આખ્યાન' શબ્દ પ્રયોજતો નથી. એની રચનાઓમાં કડવાંને બદલે પદો જોવા મળે છે. 'ભાગવત'નો આધાર લઈને એણે નવ પદોમાં સુદામાની કથા સંક્ષેપમાં પણ બળૂકી રીતે રજૂ કરી છે. પ્રેમાનંદના 'સુદામાચરિત્ર' આગળ નરસિંહનું આ 'સુદામાચરિત્ર' નોખું તરી આવે છે. એક ભક્તનું બીજા ભક્તના હાથે લખાયેલું આ ચરિત્ર છે. એમાં ભક્તિનો મહિમા કેન્દ્રસ્થાને હોવા છતાં કૃષ્ણ-સુદામાની મૈત્રીનું નિરૂપણ કરવા તરફ કવિનો ઝોક સવિશેષ રહેલો છે. છૂટક પદોમાં લખાયેલી આ રચનામાં 'હું અને તું વિશે ભેદ નહીં નાગરા' એમ કહેતો સુદામો રૂપાંતરે નરસિંહ છે એની પ્રતીતિ થાય છે. પદોમાં લખાયેલી હોવા છતાં સુદામાની આ કથાનો તંતુ પદોને એકમેક સાથે સાંકળી આપી આખ્યાનનો કલાઘાટ ઊભો કરી આપે છે.

### દાણલીલા :

૩૯ પદોની 'દાણલીલા' રચનામાં બળદેવ સાથે ગાયો ચારવા ગયેલા શ્રીકૃષ્ણે, ગાયોને પાછી વાળવા જતાં ગોવર્ધન પર્વત પર વેણુ વગાડી, રાધાને ખુશ કરી દાણ

Scanned with OKEN Scanner

પ્રાપ્ત કર્યું તેની કથા છે. અહીં સાદ્યંત એક કથાનકનો અનુભવ થાય છે અને પદો એકમેક સાથે સંકળાય છે.

### ચાતુરીઓ :

નરસિંહે લખેલી બે ચાતુરીઓ પ્રાપ્ત થાય છે : 'ચાતુરી છત્રીસી' અને 'ચાતુરી ષોડશી'. બંનેમાં 'ચાતુરી ષોડશી' વધુ સુગ્રથિત રચના છે. 'ચાતુરી છત્રીસી' એ શિથિલ રચના છે અને નરસિંહની આરંભ કાળની કૃતિ જણાય છે. બંને કૃતિઓ પર જયદેવના 'ગીત ગોવિંદ'ની અસર છે.

'ચાતુરી છત્રીસી'માં શણગાર સજતી રાધાનો પાલવ કૃષ્ણ ખેંચે છે. રાધા પાલવ વડે દીવો ઓલવી નાખે છે. કૃષ્ણ મણિ હાથમાં લે છે, જે રાધા ઝૂંટવી લે છે અને એના મોંમાં મૂકી દે છે. કૃષ્ણ શેષનાગને જગાડી લાવે છે અને ભયભીત બનેલી રાધા કૃષ્ણને વળગી પડે છે. એ પછી વિહારવર્ણન છે. પદોમાં પુનરાવર્તન ઘણું છે, પરંતુ 'વહાલાજીને અંગેઅંગ અનંગ રમી રહ્યો જેમ જળમાં મીન રે' જેવી પંક્તિઓમાં નરસિંહની કવિ પ્રતિભાના ચમકારા દેખાય છે.

'ચાતુરી ષોડશી'માં રાધા–કૃષ્ણનો વિહાર વર્ણવાયો છે. અહીં રજૂ થયેલો સંભોગશૃંગાર ઉત્કટ છે. નરસિંહે દાણ નિમિત્તે ગોરસ ઝૂંટવવું, વનવિહાર કરવો વગેરે માટે 'વિહારચરિત્ર' શબ્દ પ્રયોજ્યો છે. જે આ રચના માટે સાર્થક ઠરે છે. 'વિહાર' વખતે શ્રીકૃષ્ણે નરસિંહના હાથમાં મશાલ સોંપેલી એટલે નરસિંહે સાક્ષીભાવે જે જોયું તેને પ્રત્યક્ષાનુભવરૂપે નિરૂપ્યું છે.

નરસિંહની આ આખ્યાનકલ્પ રચનાઓના સંદર્ભમાં કે. કા. શાસ્ત્રીએ કરેલું વિધાન જોવા જેવું છે : 'હું નરસિંહમાં આખ્યાનપદ્ધતિનાં બીજ અને ભાલણમાં આખ્યાન પદ્ધતિની પ્રૌઢી જોઈ શકચો છું. પદોનો વિસ્તાર નરસિંહમાં અને કડવાંનો વિસ્તાર ભાલણમાં જોવા મળે છે...'

## (૩) કૃષ્ણલીલા વિષયક અને જ્ઞાન–ભક્તિ વૈરાગ્યનાં પદો :

### કૃષ્ણલીલા વિષયક પદો :

કૃષ્ણલીલા વિષયક પદોમાં 'રાસ સહસ્રપદી', 'કૃષ્ણજન્મ સમેનાં પદો' 'કૃષ્ણ જન્મ વધાઈનાં પદો', 'હીંડોળાનાં પદો', 'બાળલીલાનાં પદો', 'વસંતનાં પદો'– વગેરે મળીને હજારેક પદો નરસિંહે લખેલાં હોવાનું મનાય છે.

કૃષ્ણ અને ગોપીઓના રાસને લગતાં 'રાસ સહસ્રપદી'નાં સહસ્ર નહિ પણ સવાસોએક પદોમાં કૃષ્ણના વેણુનાદે ગોપીઓને થતી વિરહવ્યાકુળતા, તેમના શણગાર અને અંતે કૃષ્ણ સાથે થતું તેમનું મિલન; 'કૃષ્ણ જન્મસમેના પદો'માં કૃષ્ણના જન્મથી માંડીને કૃષ્ણે કંસને મારી એનાં માતાપિતાને કેદમુક્ત કર્યાં ત્યાં સુધીના પ્રસંગોનું નિરૂપણ, 'કૃષ્ણ જન્મ વધાઈનાં પદો'માં 'નાનું સરખું ગોકળિયું મારા વહાલે વૈકુંઠ કીધું રે'–વગેરે દ્વારા પુત્રજન્મના આનંદનું ગાન; 'હીંડોળાનાં

પદો'માં કૃષ્ણને ઢીંચવવા એકઠી થયેલી ગોપીઓ, કૃષ્ણ સાથેની એમની અનેકવિધ ચેષ્ટાઓ, એમના શણગાર; એમની સાથે ઢીંડોળે ઢીંચતા કૃષ્ણ-વગેરેનું વર્ણન અને 'બાળલીલાનાં પદો'માં આ પેલો ચાંદલિયો આઈ, મુને રમવાને આલો'માં કૃષ્ણે ચંદ્રને પકડવાની લીધેલી હઠ, 'જશોદા તારા કાનુડાને સાદ કરીને વાર રે'-માં ગોપીઓની જશોદાને ફરિયાદ, 'જળકમળ છાંડીને જાને બાળા'માં નટવર ન્હાનડાની અપ્રતીમ શક્તિનો મહિમા, ગોવર્ધનલીલા-વગેરે પ્રસંગોનું નિરૂપણ છે.

'વસંતનાં પદો'-નામ સૂચવે છે તે મુજબ કૃષ્ણ અને ગોપીઓના વસંત-વિહારને આલેખે છે. 'ચાલ રમીએ સહી, મેલ મથવું મહી વસંત આવ્યો, વનવેલી ફૂલી'; 'કરો શણગારને હાર ગજગામિની ક્યારની કહું છું જે ચાલ ઊઠી' વગેરે પદોમાં ગોપીઓના તલસાટનું સુંદર વર્ણન છે. વસંતને સ્પર્શતાં નહિ એવાં પણ કેટલાંક પદો અહીં પ્રવેશી ગયાં છે.

કૃષ્ણલીલા વિષયક પદોમાં નરસિંહે ભાવની કુમાશ અને હૃદયની સુકુમાર ઊર્મિઓને અનુપમ સુંદરતાથી વાચા આપી છે. 'ચંદ્ર વિના શી ચાંદની, દીવડા વિના શી રાત; હરજી વિના શી ગોઠડી મારે જવું શામળિયા સાથ.' પુરૂષપણું વિસરી જઈ ગોપી ભાવે, શ્રીકૃષ્ણની પ્રિયતમા બનીને, તેની જોડે તાદાત્મ્ય સાધવાના નરસિંહના સંવેદનમાં અસાધારણ ઉત્કટતા અને સચ્ચાઈ રહેલાં છે. 'વ્હાલાજીને અંગે અંગ અનંગ રમી રહ્યો...' કે 'એક સમે મેં ઉર પર લીધો' વગેરે પદોમાં અમર્યાદ શૃંગારનું નરસિંહે નિરૂપણ કર્યું છે. એનાં આવાં પદોના સંદર્ભમાં, એની પર 'હારમાળા' કૃતિમાં નરસિંહ પર થયેલો આક્ષેપ-'તારી પેઠે કોઈએ ન ગાયો નાગો ભૂંડો શૃંગાર' કરવામાં આવે છે; પરંતુ નરસિંહનો આ માટેનો ખુલાસો આ રહ્યો—

'તમે જાણો વિષયરસ ગાયો
મારો હરિ શું પ્રેમ ઉભરાય,
હરિલીલા શણગાર જ ગાતાં
વિષયી નહીં કહેવાય.'

એની ભક્તિમાં ગોપીઓ એટલે વૃત્તિઓ, અને એનું આત્મામાં રમી રહેવું તે રાસ. રાધા અને કૃષ્ણ અથવા ગોપી અને કૃષ્ણનો યોગ એટલે આત્માનો પરમાત્મા સાથેનો યોગ અને એવી ભક્તિ જ-'ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે.'

## જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં પદો :

નરસિંહની પ્રતિભાનું ઉત્તમ સત્ત્વ એનાં જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં, ઉત્તર કાળમાં રચાયેલાં પદોમાં જોવા મળે છે. ભક્ત હૃદયની પ્રભુને સંબોધેલી લખાયેલી કેટલીક પ્રાર્થનાઓ ઉત્તમ છે :

'ધ્યાન ધર ધ્યાન ધર નંદના કુંવરનું...'
'નંદના નંદ શું નેહ જેને નહિ...'
'ધ્યાન ધર હરિતણું અલ્પમતિ આળસુ...'
'હરિ હરિ રટણ કર કઠણ કળિકાળમાં...'
'કૃષ્ણ કીર્તન વિના નર સદા સૂતકી...'
'સમરને શ્રીહરિ, મેલ્ય મમતા...'

ભક્તિ અને જ્ઞાનનો મહિમા એણે વિવિધ પેરે રજૂ કર્યો છે :

'સુખ દુઃખ મનમાં ન આણીએ',
'જે ગમે જગતગુરુ દેવ જગદીશને'
'પઢો રે પોપટ રાજા રામના'
'વૈષ્ણવજન તો તેને રે કહીએ.'

પૂર્વજીવનમાં એ ઈશ્વરના લક્ષ્યસ્વરૂપનો પ્રેમી હતો, પરંતુ ઝૂલણા છંદમાં ઉત્તર જીવનમાં લખાયેલાં તેનાં અસંખ્ય પદો બતાવે છે તેમ નરસિંહ નિર્ગુણ બ્રહ્મની ઉપાસનામાં લયલીન બને છે. સંસારના બધા ભોગો તેને સ્વપ્નતુલ્ય ભાસે છે. જગતનું મિથ્યાપણું, દેહની ક્ષણભંગુરતા, ઈશ્વરની સર્વશક્તિમતાને રજૂ કરી નરસિંહ જ્ઞાન-વૈરાગ્યનાં પદોમાં અદ્વૈતવાદનું નિરૂપણ કરે છે :

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ...'
'સમરને શ્રીહરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મૂળ તારું.'
'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો.
તે જ હું તે જ હું શબ્દ ભાસે'
'જ્યાં લગી આત્મા તત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી'
'જાગીને જોઉં તો જગત દીસે નહિ...'
'વિવિધ રચના કરી અનેક રસ લેવાને...'

જ્ઞાન-વૈરાગ્યનાં એનાં પદોમાં ઉપનિષદની ભવ્ય છટા એના ઉત્તમ સ્વરૂપમાં વરતાય છે એવું ગોવર્ધનરામનું કહેવું સાચું છે. ઉપનિષદ કોટિનું અને પરંપરાનું દર્શન નરસિંહે અહીં કાવ્યમાં રમતાં રમતાં વહેતું કરી દીધું છે. તત્ત્વજ્ઞાનની કવિતાનાં ઊંચાં શૃંગોને નરસિંહ, અખાની જેમ, આસાનીથી આંબી જાય છે.

એક બીજી બાબત પણ નોંધવા જેવી છે. ગુજરાતની અબુધ-અભણ પ્રજા નરસિંહને એનાં કૃષ્ણલીલા વિષયક પદોને કે અન્ય કવિતાને કારણે નહિ પરંતુ એનાં જ્ઞાન-ભક્તિ-વૈરાગ્યનાં, ઉત્તર જીવનમાં લખાયેલાં પદોને કારણે જાણે-પિછાને છે; અને વંદે છે. વર્ષોથી આ પદો ગુજરાતમાં પ્રભાતમાં ગવાતાં હોઈ પ્રભાતિયાં તરીકે ઓળખાય છે. આમ છતાં, ઉત્તરકાળમાં જ્ઞાની બનેલો નરસિંહ ભક્ત મટી

જતો નથી. 'પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર, તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે' એમ કહેતો તે ગગનમાં ઘૂમી રહેલા એ પરમ તત્ત્વને 'પ્રેમના તંતમાં સંત ઝાલે.' એની યાદ દેવડાવે છે. નરસિંહના ગાનગિરિ પર એની ભક્તિની કિરણમાળા હંમેશાં ઝળહળ્યા કરવાની એ બાબત ભૂલવા જેવી નથી.

## ઉપસંહાર :

નરસિંહ મુખ્યત્વે ઊર્મિ કવિ છે. પદ એને ફાવતો સાહિત્ય પ્રકાર છે. એની દીર્ઘ રચનાઓનું કાઠું પણ પદો વડે બંધાયેલું છે. દોહરા, ચોપાઈ, સવૈયા, હરિગીત અને ઝૂલણાની દેશીઓમાં એની કવિતા સંપન્ન થઈ છે; પણ ઝૂલણાનો એણે કરેલો વ્યાપક અને બહોળો પ્રયોગ એને યશ અપાવે તેવો છે. શબ્દની ખેંચ કે તૂટ એને ક્યારેય પડી હોય એમ લાગતું નથી. એની અનુભૂતિ સ્પષ્ટ, ઘીંગી, ઉત્કટ અને બળૂકી છે. ફલતઃ એની અભિવ્યક્તિ સરળ, વેધક અને હૃદયંગમ છે. રા. વિ. પાઠકે ઉચિત રીતે જ એને ગુજરાતનો સંત પ્રતિનિધિ કહ્યો છે. પુરુષ દેહમાં સ્ત્રીનું હૃદય લઈને જન્મેલા નરસિંહને દયારામની જેમ ગુજરાત લાંબા સમય સુધી વિસરશે નહિ.

# ભાલણ :

## પ્રાસ્તાવિક ભૂમિકા અને સમય :

ગુજરાતી સાહિત્યમાં ભાલણનું નામ આખ્યાન કાવ્યના જનક તરીકે અને બાણકૃત 'કાદમ્બરી'ના પદ્યાનુવાદક તરીકે જાણીતું છે. ગુજરાતી ભાષાને 'ગુર્જર ભાષા' એવું નામ આપનાર તે પ્રથમ કવિ છે.

નરસિંહ અને મીરાં વચ્ચેના સમયગાળામાં પદ્મનાભ પછી થઈ ગયેલો આ મહત્ત્વનો ગણનાપાત્ર કવિ છે. એના શંકાસ્પદ બીજા 'નળાખ્યાન' સિવાયની કોઈ પણ કૃતિ રચનાસાલ આપતી નથી, એટલે એનો જીવનકાળ અનિશ્ચિત છે. પરંતુ પંદરમી સદીના ઉત્તરાર્ધ અને સોળમી સદીના પૂર્વાર્ધ વચ્ચેના સમયખંડને એનો આયુકાળ ગણવામાં આવે છે. કે. કા. શાસ્ત્રી તેને ઈ. સ. ૧૪૯૪ થી ઈ. સ. ૧૫૧૯ના સમયગાળામાં થઈ ગયેલો માને છે.

## જીવન :

ભાલણના જીવન વિશેની કોઈ આધારભૂત માહિતી ઉપલબ્ધ નથી, પણ તેનું જન્મનામ પુરુષોત્તમ હતું; તે પાટણનો મોઢ બ્રાહ્મણ હતો, તેની અટક ત્રવાડી હશે, તે સારો યાજ્ઞિક હતો અને ઘણું ખરું તે અગ્નિહોત્રી હતો એવું માનવામાં આવે છે. પૂર્વવયમાં તે શક્તિભક્ત હતો. પરંતુ 'ભાલણ પ્રભુ રઘુનાથ' એવું એનાં અનેક કાવ્યોમાં આવતું ચરણ બતાવે છે કે ઉત્તરવયમાં એ રામભક્ત બન્યો હશે.

## સર્જન :

ભાલણનો સંસ્કૃત ભાષા પર અસાધારણ કાબૂ હતો. એણે સંસ્કૃત ભાષા

Scanned with OKEN Scanner